# દિવ્ય ભાસ્કર

ભારતનું સૌથી ઝડપી વિકસતું અખબાર

કુલ પાનાં 16 કિંમત ₹ 2.25

divyabhaskar.com

સોમવાર

વડોદરા | 12 માર્ચ, 2012

ફાગણ વદ - 5, વિક્રમ સંવત : 2068


**સુવિચાર**

ક્રૂરતાનો જવાબ ક્રૂરતાથી આપવો એનો અર્થ એ થયો કે પોતાના નૈતિક અને બૌદ્ધિક પતનનો સ્વીકાર કરવો.

**- મહાત્મા ગાંધી**



વાંચો પાનાં નં. 15

10 નિફ્ટીમાં બજેટ પૂર્વે ૫૧૮૦-૫૫૨૦ની રેન્જ



'સયાજી સવારી'માં સ્વયંભૂ લોકજુવાળ

### કૈ. સરસયાજીરાવના ૧૫૦મા જન્મ જયંતી દિને

# લોકલાડીલા રાજવીને વડોદરાની ભાવાંજલિ

ભાસ્કર ન્યૂઝ.વડોદરા

| સવારી યાત્રા | ફ્લોટ્સ | હાથી | ઊંટ | બગી | ઘોડા |
|---|---|---|---|---|---|
| 5 KM | 130 | 02 | 03 | 08 | 06 |

પ્રજાવત્સલ મહારાજા સર સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજંયતી નિમિત્તે રવિવારે સંસ્કારીનગરી વડોદરા જાણે સયાજીમય બની ગઈ હતી. સયાજી સાર્ધશતાબ્દીદિનની ઉજવણીનો વહેલી સવારે લક્ષ્મીવિલાસ પેલેસમાં ૧૦૮ પંડિતોના મંત્રોચ્ચાર અને શરણાઈની પવિત્ર સૂરાવલિઓની સાથે ધર્મસભર પ્રારંભ બાદ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો અને .વડોદરાના કલા અને સાંસ્કૃતિક વારસા અને જૂના બરોડા સ્ટેટની ઝાંખીઓ દર્શાવતા ફ્લોટ્સ સાથેની ભવ્ય સયાજી સવારી સાથે સમાપન થયું હતું.

પોતાના પ્રજાપ્રેમી મહારાજાની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રવિવારે નમતી બપોરે સયાજી સવારીનો પ્રારંભ થયો તે અગાઉ નવલખી મેદાનમાં ૧૫ હજાર લોકોની ભીડ એકત્ર થઈ ગઈ હતી. જ્યારે સયાજીસવારીના સમગ્ર રૂટ પર રસ્તાની બંને બાજુ હજારોની સંખ્યામાં શહેરીજનોએ સયાજી સવારીને ઉમળકાભેર વધાવી લીધી હતી. આ અગાઉ નવલખી મેદાન ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સયાજી સવારીને ફ્લેગ ઓફ કરાવ્યા બાદ ૫.૧૫ કલાકે સયાજીસવારી નીકળી હતી. સમગ્ર સયાજી સવારીમાં સયાજીરાવના દરબાર, ... અનુસંધાન પાના નં. 13